**ક્રિ.કેસ.ન–૩૧૯૨૯/૨૦૧૯**

**<u>આંક–૧ નીચે હુકમ</u>**

સાભળ્યા

આ કામમાં તપાસ કરનાર અમલદાર ધ્વારા આરોપી વીરુધ્ધ ગુજરાત પોલીસ એકટની કલમ–૧૨૨(સી) નુ ચાર્જસીટ કરવામાં આવેલ છે. આ કામમાં અમારી સમક્ષ રજુ કરવામાં આવેલ ચાર્જસીટ ધ્યાને લેતા તેમજ ગુજરાત પોલીસ એકટ ની કલમ–૧૨૨(સી) માં કરવામાં આવેલ જોગવાઈ ધ્યાન સમક્ષ રાખતા જયારે કોઈ વ્યકતી  સુર્યાઅસ્ત થી સર્વોદય દરમ્યાન  કોઈ  કોગ્નીજેબલ ગુનો કરવા ઈરાદે  લપાતો છુપાતો પોતાની ઓળખ છુપાવી જયારે મળી આવે ત્યારે  તેવા કીસ્સામાં ગુજરાત પોલીસ એકટની કલમ–૧૨૨(સી) લાગુ પડે છે. આ કામમાં પોલીસ તરફથી કરવામાં આવેલ ચાર્જસીટની વીગત જોતા ચાર્જસીટના કોલમનંબર–૧ માં દશાૃવેલ નામ સારનામુ તેમજ પોલીસ ચાર્જસીટમાં રજુ થયેલ પંચનામાંની વીગત તથા નીવેદન ધ્યાન સમક્ષ રાખતા આરોપીએ  પોતાની ઓળખ છુપાવી હોઈ  જેઓ લેશ માત્ર આધાર જણાઈ આવતો ના હોય આમ જયારે ગુજરાત પોલીસ એકટની કલમ–૧૨૨(સી) ના મુળભુત તત્વ સદર કેસમાં જણાઈ આવતુ ના હોય તેવા કીસ્સામાં આરોપી વીરુધ્ધ કેસ ચલાવવામાં આવે તો અદાલતનો કીમંતી સમય બગાડવા જેવો બને  છે. આમ પોલીસ ચાર્જસીટની સમગ્ર હકીકત ધ્યાન સમક્ષ રાખતા આ કામના આરોપી વીરુધ્ધ ગુજરાત પોલીસ એકટની કલમ–૧૨૨(સી) મુજબનો ગુનો પ્રથમ દર્શનીય રીતે જણાઈ આવતો ના હોય આથી ન્યાયના હીતમાં નીચે મુંજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–: હુકમ:–</u>**

આકામના આરોપી વીરુધ્ધ પોલીસે ચાર્જસીટમાં જણાવ્યા મુજબનો ગુનો બનતો ના હોય આથી આરોપીને નિદોર્ષ ઠરાવી છોડી મુકવાનો ન્યાયના હીતમાં હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૧૪મી માહે સપ્ટેમ્બર સને ૨૦૧૯ ના રોજ યોજવામાં આવેલ સ્પેશીયલ સીટીગમાં જાહેર કરવામાં આવેલ છે.

**તા.૧૪–૯–૦૧૯**

**(ડી.બી.ગોહીલ)**

**સ્થળ: અમદાવાદ.**

**એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,**
**કોર્ટ નં. ૧૯, અમદાવાદ.**